# પૃથ્વીનો પ્રાચીન દેડકો: ઈન્ડિયન પર્પલ ફ્રોગ

પશ્ચિમ ઘાટના પર્વતોના જંગલોમાં એક એવો દેડકો વસે છે જે માનવજાત માટે સદીઓ સુધી અજાણ્યો રહ્યો. તેને "ઇન્ડિયન પર્પલ ફ્રોગ"અથવા વૈજ્ઞાનિક ભાષામાં Nasikabatrachus sahyadrensis કહેવાય છે. આ દેડકો માત્ર કેરળ અને તામિલનાડુના પશ્ચિમ ઘાટ વિસ્તારમાં જોવા મળે છે અને વિશ્વમાં બીજે ક્યાંય નહિ. તેની ખાસિયત એ છે કે તે લગભગ 110 મિલિયન વર્ષથી પોતાની જાતને બદલ્યા વગર જીવતો રહ્યો છે. એટલે તેને "જીવંત ફોસિલ"તરીકે ઓળખવામાં આવે છે, કેમ કે તેનાં અસ્તિત્વ ગાથા ડાયનાસોર યુગથી આજના માનવયુગ સુધી પહોંચી છે.



આ દેડકોનો દેખાવ સામાન્ય દેડકાથી બહુ જુદો છે. તેનું શરીર ગોળાકાર અને થોડું ફૂલેલું લાગે છે, તેની ત્વચા ઘાટો જાંબલી-ભૂરો રંગ ધરાવે છે અને નાની ચમકતી આંખો એને અજાયબ બનાવે છે. એની સૂંઢ ટૂંકી અને ચપટી છે, જે માટીમાં ખોદવા માટે અનુકૂળ છે. આગળ અને પાછળના પગ મજબૂત હોય છે અને અણીદાર નખ ધરાવે છે, જેના સહારે તે જમીનમાં સરળતાથી ઘૂસી શકે છે. તેનો દેખાવ સામાન્ય માણસને વિચિત્ર લાગે પણ આજ તેની પોતાની ઓળખ છે. એની દુનિયા મોટાભાગે માટીની અંદર જ છે, પ્રકાશ અને ખુલ્લા આકાશથી દૂર.

ઇન્ડિયન પર્પલ ફ્રોગનું જીવનચક્ર પણ ખૂબ જ વિચિત્ર છે. વર્ષના અગિયાર મહિના તે જમીનના અંદર રહે છે અને ત્યાં જ કીડા, ઉધઈ અને અન્ય નાના જીવાતો ખાઈને પોતાનું જીવન જાળવી રાખે છે. પરંતુ જ્યારે ચોમાસું આવે છે અને ધરતી પર વરસાદના ટીપાં વરસવા લાગે છે ત્યારે એ જમીનમાંથી બહાર આવે છે. એનો આ સમય એક અદ્ભુત ચમત્કાર સમાન છે, કેમ કે આખા વર્ષમાં તે માત્ર થોડા દિવસો માટે જ નજરે પડે છે. એ સમયે તે પાણી ભરેલા નાળામાં ઈંડાં મૂકે છે, જેમાંથી ટેડપોલ બહાર આવે છે અને સમય જતાં તેના વંશજો જરા મોતાં થઈને જમીનમાં સમાઈ જાય છે. પ્રજનનકાળ પૂર્ણ થયા પછી તે ફરીથી પૃથ્વીના પેટાળમાં ઊતરી જાય છે અને ત્યાં સુધી રહે છે જ્યાં સુધી આગલાં વર્ષનું ચોમાસું ન આવે.

વિજ્ઞાનીઓએ એની જિનોમિક રચનાનો અભ્યાસ કરી તો જાણવા મળ્યું છે કે તેનો ઇતિહાસ ગોન્ડવાના મહાદ્વીપ સુધી પહોંચે છે. લાખો વર્ષ પહેલા ભારત, આફ્રિકા અને માડાગાસ્કર એક સાથે જોડાયેલા હતા ત્યારે આ દેડકો ત્યાં વસતો હતો. પછી મહાદ્વીપો અલગ પડ્યા, ડાયનાસોર લુપ્ત થયા પરંતુ આ દેડકો પોતાની ભૂગર્ભ દુનિયામાં બચી ગયો. તેનાં અસ્તિત્વ ગાથા સાબિત કરે છે કે કુદરતમાં કેટલાક જીવ આ દેડકાં જેવાં છે જે અતિશય ધીરજ અને સહનશીલતા ધરાવે છે અને સમયના પ્રચંડ ફેરફારો છતાં ટકી રહે છે. આ દેડકાનો વસવાટ પશ્ચિમ ઘાટના ઘન જંગલોમાં છે. પશ્ચિમ ઘાટને યુનેસ્કો દ્વારા વિશ્વ વારસો સ્થળ તરીકે માન્યતા અપાઈ છે, કેમ કે અહીંની જૈવ વિવિધતા અદભૂત છે. ભારતમાં અન્યત્ર આ દેડકો જોવા મળતો નથી, પરંતુ એનો સંદેશો આખી દુનિયા માટે એટલો જ મહત્વનો છે. જેમ કચ્છના રણમાં ઘુઘવી (spiny-tailed lizard) પ્રાચીન વંશીય જીવ તરીકે ઓળખાય છે, તેમ પશ્ચિમ ઘાટમાં આ જાંબલી દેડકો એક જીવંત પુરાવો છે કે પ્રકૃતિ કેટલી રહસ્યમયી છે.

**આ દેડકાનું જીવન માનવજાતને એક મોટો પાઠ શીખવે છે. આજે જ્યારે માનવી વિકાસની અવિરત દોડમાં કુદરતને ભૂલી રહ્યો છે, ત્યારે આ નાનકડો પર્પલ ફ્રોગ જાણે શાંતિથી કહી રહ્યો છે, "ધીમે જીવો, ધરતી તમને સંભાળી રાખશે."**

**ઘટ ઘટ પાની**
★ માવજી મહેશ્વરી

પરંતુ આજે આ પ્રાણી ગંભીર જોખમ હેઠળ છે. IUCN Red List પર તેને "Endangered"એટલે કે લુપ્ત થવાના કગાર પર હોવાનું વર્ગીકરણ આપવામાં આવ્યું છે. તેના મુખ્ય જોખમોમાં કપાતા જંગલો, રબર અને કોફીના પ્લાન્ટેશન, નદીઓ અને નાળાઓના પ્રવાહમાં ફેરફાર અને માનવીય દખલનો સમાવેશ થાય છે. જો આ સ્થિતિ બદલાશે નહીં તો કદાચ આવનારા દાયકાઓમાં આ અનોખો જીવ પૃથ્વી પરથી હંમેશા માટે લુપ્ત થઈ જશે. એનું લુપ્ત થવું માત્ર એક દેડકાનું નહીં પરંતુ લાખો વર્ષનો જીવંત ઇતિહાસ ગુમાવવાનો પ્રસંગ બની જશે. કેરળના લોકોએ આ દેડકાને "માવેલી દેડકો"નામ આપ્યું છે, જે મહાબલી રાજાના સ્મરણમાં છે. આ બતાવે છે કે આ જીવ માત્ર વિજ્ઞાનનો વિષય નથી, પરંતુ સ્થાનિક સંસ્કૃતિ અને લોકવિશ્વાસ સાથે પણ જોડાયેલો છે. કુદરતના આવા અજાયબ જીવ માનવ સમાજને સતત સંદેશ આપે છે કે જીવનમાં ધીરજ, સહનશીલતા અને અડગતા જ સાચું બળ છે. આ પ્રાણી સિંહની જેમ ગર્જતું નથી કે મોરની જેમ નાચતું નથી, પરંતુ તેની શાંત હાજરી આખા પર્યાવરણ માટે અમૂલ્ય છે.

આ દેડકાનું જીવન માનવજાતને એક મોટો પાઠ શીખવે છે. આજે જ્યારે માનવી વિકાસની અવિરત દોડમાં કુદરતને ભૂલી રહ્યો છે, ત્યારે આ નાનકડો પર્પલ ફ્રોગ જાણે શાંતિથી કહી રહ્યો છે, "ધીમે જીવો, ધરતી તમને સંભાળી રાખશે." એની હાજરી એનો પુરાવો છે કે પૃથ્વી પરનું જીવન અદ્ભુત સહનશીલતા ધરાવે છે અને હજારો-લાખો વર્ષ સુધી બદલાતા વાતાવરણને ઝીલી શકે છે.

# કેમ નથી લાગતો સ્કૂટર અને બાઈક પર ટોલ ટેક્સ?

શું તમે ક્યારેય વિચાર્યું છે કે, જ્યારે કાર, બસ અને ટ્રક સહિતના વાહનો ટોલ પ્લાઝા પર ટોલ ચૂકવવા માટે લાઇનમાં રાહ જુએ છે, ત્યારે બાઇક અને સ્કૂટરને ટોલ પ્લાઝા પર કેમ ટોલ ચૂકવવાની જરૂર રહેતી નથી? આનું કારણ ફક્ત સુવિધા નથી, તેની પાછળનું એક કાનૂની જોગવાઈ છે. ભારતમાં ટુ-વ્હીલર વાહનોને ટોલ ટેક્સમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે. ચાલો જાણો આ પાછળનું કારણ ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ ફી નિયમો, 2008 ના નિયમ 4(4) હેઠળ, ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર વાહનોને ટોલ ટેક્સમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે. આ નિયમ હેઠળ, બાઇક અને સ્કૂટરને રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર કાયદેસર રીતે ટોલ ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવી છે.

રોડ બાંધકામ, સમારકામ અને જાળવણીના ખર્ચને આવરી લેવા માટે ટોલ ટેક્સ વસૂલવામાં આવે છે. ટુ-વ્હીલર વાહનો હળવા અને ઓછી જગ્યા રોકતા હોવાથી, ટ્રક અને બસ જેવા ભારે વાહનોની તુલનામાં તેઓ રસ્તાને ઓછામાં ઓછું નુકસાન પહોંચાડે છે. તેથી, સરકાર તેમની પાસેથી ટોલ વસૂલવાનું વ્યવહારુ કે, જરૂરી માનતી નથી.



ભારતમાં મોટાભાગના મધ્યમ અને ઓછી આવક ધરાવતા વર્ગ માટે ટુ-વ્હીલર વાહનો પરિવહનનું સૌથી સસ્તું અને સામાન્ય માધ્યમ છે. આ વાહનો પર ટોલ ટેક્સ લાદવાથી લાખો દૈનિક મુસાફરો પર વધારાનો નાણાકીય બોજ વધશે.

કલ્પના કરો કે, જો દરેક બાઇક સવારને ટોલ બૂથ પર રોકાઈને ટોલ આપવો પડે તો શું થશે. દરરોજ લાખો ટુ-વ્હીલર વાહનો પાસેથી ટોલ વસૂલવાથી ટ્રાફિકમાં ભારે ભીડ થશે અને ટોલ પ્લાઝા પરથી આવાગમનમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે.

બાઇક અથવા સ્કૂટર ખરીદતી વખતે, માલિકો વાહન નોંધણીના ભાગ રૂપે પહેલાથી જ રોડ ટેક્સ ચૂકવે છે. આ કર પરોક્ષ રીતે જાહેર રસ્તાઓ અને હાઇવેનો ઉપયોગ કરવાના ખર્ચને આવરી લે છે, જે પછીથી ટોલ ચૂકવણી જરૂરી રહેતી નથી.

વહીવટી દ્રષ્ટિકોણથી, ટુ-વ્હીલર વાહનો પાસેથી ટોલ વસૂલવાથી આવક કરતાં વધુ ખર્ચાળ થશે. મોટી સંખ્યામાં બાઇકો પાસેથી નાના ટોલ વસૂલવા માટે જરૂરી માનવશક્તિ, માળખાગત સુવિધા અને સમય આ ખર્ચને વાજબી ઠેરવતો નથી.